dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

June 2015 For private circulation only Vol. 07 - Issue 155-56

જીવનને આનંદના રસાયણમાં બોળવાની ઈચ્છા કે સંકલ્પ આપણામાં જે જગાવે તેનું નામ વિદ્યા.

રમેશ પારેખ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ત્રણ વાનાં મુજને દીધાં,
હૈયું, મસ્તક, હાથ,
બહુ દઈ દીધું નાથ,
જા, ચોથું નથી માગવું

ઉમાશંકર જોશી

'વિશ્વશાંતિ'ના કવિ ઉમાશંકર જોશીએ માનવીના સર્વાંગી વિકાસ માટેના મહત્વનાં ત્રણ પરિમાણોનો નિર્દેશ ઉપરોકત પંકિતમાં ધ્વનિત કરી દીધો છે. એકવીસમી સદીના પડકારોને ઝીલવા તથા આપણા ભાવિ નાગરિકો 'હૈયું, મસ્તક, હાથ' ના સંતુલિત વિકાસનું લક્ષ્ય હાંસલ કરી શકે એ દિશામાં શિક્ષણના નવીનીકરણ માટે ગુજરાત સરકારનો શિક્ષણ વિભાગ કટિબધ્ધ બન્યો છે. નોલેજ કન્સર્શિયમ ઓફ ગુજરાત (કે.સી.જી.) દ્વારા ઉચ્ચ શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન આણવા વિવિધ પ્રકારનાં રચનાત્મક અભિયાન હાથ ધરવામાં આવી રહયાં છે. ચોઈસ બેઝડ્ ક્રેડિટ સિસ્ટમ (CBCS), સપ્તધારા, ઉદીશા, સંધાન, સ્કોપ વગેરે અભિયાન દ્વારા ગુજરાતનો વિદ્યાર્થી વૈજ્ઞાનિક દ્રષ્ટિથી સંપન્ન બુધ્ધિ તેમજ માનવીય સંવેદનાથી સભર હ્દય-મનનો વિકાસ કરી શકે એવી તકો ઉપલબ્ધ થઈ રહી છે. આજનો વિદ્યાર્થી વૈશ્વિક સ્તરે સ્પર્ધામાં ટકી શકે એવી ગુણવત્તાને અર્થે સર્વાંગી વિકાસ માટે સુપેરે જાગરૂક થાય એ દિશાના નિષ્ઠાપૂર્વકના આવા નવતર શિક્ષણ પ્રયોગો સમાજમાં આવકાર પામી રહયા છે.

એકવીસમી સદી શિક્ષણના આધુનિકીકરણની સદી પણ છે. સમાજ અને રાષ્ટ્રને માટે જવાબદાર, સક્રિય અને આત્મનિર્ભર નાગરિકો ઘડવાનું લક્ષ્ય આજના શિક્ષણનું રહયું છે. અધ્યયન, અધ્યાપન તથા વ્યવસ્થાપનમાં ગુણાત્મક તથા રચનાત્મક પરિવર્તન આણીને શિક્ષણના ક્ષેત્રે રહેલ રૂઢિજડતા તથા નિર્માલ્યતાને ખંખેરી નાખવાનો પડકાર યોગ્ય સમયે ઝિલાયો છે. વિદ્યાર્થીઓના બૌધ્ધિક ઉપરાંત સામાજીક, સાંસ્કૃતિક સાંવેગિક તેમજ આધ્યાત્મિક વિકાસને પોષક એવા સંસ્થાકીય પર્યાવરણમાં ચેતનાનાં સ્પંદનો પ્રગટાવતું ભાવાવરણ જન્મે એ માટેના ઉમદા પ્રયાસ થઈ રહયા છે. વિદ્યાર્થીઓનું ઊંચું લક્ષ્ય હોય તો એ છે કે સર્વાંગી વિકાસ દ્વારા 'સર્વોત્તમ'ની દિશામાં ગતિ કરવી. બુધ્ધિના વિષયો ઉપરાંત પોતાની ક્રિયાત્મકતાને સંકોરે એવી સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પણ એ સમાંતરે ઉત્સાહભેર સહભાગી થાય. શિક્ષણ એ કોઈ જડ યાંત્રિક પ્રવૃત્તિ નથી; સાતત્યપૂર્ણ પ્રયોગની ભૂમિકા છે. અને એમાં શિક્ષકનો Role પ્રયોગવીર તરીકેનો છે.

દાયકાઓથી ચાલ્યા આવતા વિષય-કેન્દ્રી તથા શિક્ષક-કેન્દ્રી શિક્ષણના રૂઢ માળખામાંથી એ શિક્ષણ વ્યવસ્થા વિદ્યાર્થી-કેન્દ્રી બની રહી છે. ગતાનુગતિક વિચારસરણી પણ ઝડપથી બદલાઈ રહી છે. કોલેજ અને યુનિવર્સિટીઓનું પરિસર ખરેખર તો વિદ્યાર્થીઓને Spring Board જેવી ભૂમિકા પૂરી પાડે છે. જ્યાં આવીને ઊભેલો સ્નાતક યુવાન Holistic તથા Total Development ની દિશામાં છલાંગ લગાવી શકે.

નોલેજ કન્સર્શિયમ ઓફ ગુજરાતની પ્રેરણાથી વિદ્યાર્થીઓના સમતોલ વિકાસ માટે વર્ગશિક્ષણની સમાંતરે જ્ઞાનધારા, નાટયધારા, ગીત-સંગીત-નૃત્ય ધારા, રંગ-કલા કૌશલ્યધારા, સર્જનાત્મક અભિવ્યકિત ધારા, વ્યાયામ-યોગ-ખેલકૂદ ધારા તથા સામુદાયિક સેવા ધારા-એવી સપ્તધારા પ્રવૃત્તિઓનું આયોજન થઈ રહયું છે. એન.એસ.એસ. તેમજ એન.સી.સી. ની પ્રવૃત્તિઓ તો ખરી જ; સફાઈ કાર્યક્રમ તથા પ્રાર્થનાસભા જેવાં પરિમાણો પણ ઉમેરાયાં છે. ઉદીશા, સ્કોપ તથા સંધાન જેવી પ્રવૃત્તિઓ વડે પણ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ ઉદ્દીષ્ટ છે. કોલેજમાં પ્રવેશ પામેલો પ્રત્યેક વિદ્યાર્થી ઓછામાં ઓછી એક ધારામાં જોડાય. વિદ્યાર્થી અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સુષુપ્ત શકિતઓને જાગૃત કરે અને રસરૂચિને કેળવે તે પણ અત્યંત જરૂરી છે. 'અભ્યાસ' શબ્દનો અર્થ સંકોચાઈ ન જવો જોઈએ.

આપણો વિદ્યાર્થી એકાંગી ન બની જાય તે જોવાની અને એનો સર્વાંગી વિકાસ કરવાની જવાબદારી આપણે સ્વીકારી છે. કોઈ ફૂલની એક જ પાંદડી વિકસીત થયેલી હોય તો ? આપણી પોતાની એક જ ઈન્દ્રીય વિકાસ પામેલી હોય તો ? આ અને આવા સવાલો આપણે આપણને પણ પૂછવાના હોય છે. નૂતન રચનાત્મક પરિમાણોનો લાભ લઈને આજનો યુવાનસ્નાતક પોતાનાં 'હૈયું, મસ્તક, હાથ'-ના સમન્વિત-સંમર્જિત વિકાસનું લક્ષ્ય હાંસલ કરે એવી શુભેચ્છાઓ 'ચાલો કોલેજ' અભિયાનમાં જોડાનારા સર્વે અધ્યાપકો, આચાર્યો તેમજ વિદ્યાર્થીમિત્રોને માટે પ્રદર્શિત કરું છું.

તા. ૩૦ જુન, ૨૦૧૫

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ઉદ્‌ઘાટન-ભૂમિપૂજન


















વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસર ખાતે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના અધ્યક્ષ પદે રામચંદ્ર તુલશ્યાન આર્ટ ગેલેરી, ઉપહાર ગૃહ તથા VNSGU Android App ના ઉદ્‌ઘાટન સમારંભ અને જે.એચ. વસોયા ડિપાર્ટમેન્ટ ઓફ લૉના ભૂમિપૂજન પ્રસંગો તા. ૧૪મી જૂન, ૨૦૧૫, રવિવારના રોજ યોજાઈ ગયા.

જેમાં ઉદ્‌ઘાટક શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા (મા. મંત્રીશ્રી, શિક્ષણ પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત રાજય) તથા મુખ્ય મહેમાન શ્રી નાનુભાઈ વાનાણી

(મા. રાજયકક્ષાના મંત્રીશ્રી, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (સ્વતંત્ર હવાલો), જળ સંપત્તિ (કલ્પસર સિવાય), શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ગુજરાત રાજય અને મા. સાંસદ દર્શનાબેન જરદોશ અને ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, શ્રી જનકભાઈ બગદાણા ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે અનેક પ્રતિભાઓ ધરાવતી સુરત નગરીમાં શિક્ષણની સાથે સાથે સંગીત, ચિત્ર, નૃત્ય જેવી કલાની અન્ય ઈતર પ્રવૃત્તિઓમાં લોકભાગીદારી થકી નવા ભવનોનું નિર્માણ થઈ રહયું છે જે વિદ્યાર્થીઓ માટે ઘણું જ ઉપયોગી નવીડશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની એનરોઈડ મોબાઈલ એપ્લિકશનને પણ લોન્ચ કરવામાં આવી હતી. આ એપ્લિકેશનથી કોલેજો, અભ્યાસક્રમો, પરીક્ષાઓનાં સમયપત્રકો, પરિણામો, નિયમો, ઓનલાઈન હોલ ટિકિટ, પ્રવેશપત્ર, વિવિધ પ્રકારનાં આવેદનપત્રો, વહીવટીય વિભાગોની વ્યવસ્થા વગેરેની જાણકારી આ એપ્લિકેશન દ્વારા પ્રાપ્ત થઈ શકશે. આ પ્રસંગે કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, સેનેટ અને સિન્ડિકેટના સભ્યશ્રીઓ તથા યુનિવર્સિટીના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.
















## વિશ્વ યોગા દિવસ







યુનાઇટેડ નેશન્સ દ્વારા ૨૧મી જૂનને "ઈન્ટરનેશનલ ડે ઓફ યોગા" તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકો, અનુસ્નાક વિભાગના વિદ્યાર્થીઓ તથા યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓ ચેમ્બર ઓફ કોમર્સના એકઝીબીસન હોલ, સરથાણા, ખજોદ ચોકડી, સુરત ખાતે ઉપસ્થિત રહીને યોગા ડેની ઉજવણીમાં સક્રિય ભાગ લીધો હતો.



## VNSGU Android Application

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા VNSGU Android Application તૈયાર કરવામાં આવેલ છે. આ એપ્લિકેશન દ્વારા યુનિવર્સિટી સંલગ્ન ડિપાર્ટમેન્ટસ, કોલેજો તથા તમામ અભ્યાસક્રમ વિશે જાણી શકાશે, તે ઉપરાંત વિદ્યાર્થીઓને ખુબ જ ઉપયોગી માહિતી જેવી કે Admission, Old Papers, Exam rules, Exam Schedule, External Exam, Convocation ને લગતી માહિતી પણ મળશે. વિદ્યાર્થી આ એપ્લીકેશન દ્વારા પોતાની e-Hall Ticket, Result તથા દરેક પ્રકારના ફોર્મ ડાઉનલોડ કરી શકશે. VNSGU Android Application, Google Play Storeમાં VNSGU ટાઈપ કરી તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

## કરાટે

તા. ૨૩/૩/૧૫ થી તા. ૩૧/૩/૧૫ દરમ્યાન યુનિવર્સિટી ગર્લ્સ હોસ્ટેલ પરિસર ખાતે સ્ત્રી પોતે સશકત પણે, નિર્ભયતાથી જીવી શકે અને પોતાનું રક્ષણ પોતે કરી શકે એ માટે કરાટેની તાલિમ આપવા અંગેનો કાર્યક્રમ યનિવર્સિટીના Women Development Cell દ્વારા યોજવામાં આવેલ હતો. જેમાં યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ તેમજ બિન શૈક્ષણિક કર્મચારી બહેનોએ પણ તાલિમ લીધી હતી. યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણ વિભાગમાં કાર્યરત શ્રી મોહનભાઈ પટેલ દ્વારા નિઃશુલ્ક તાલીમ આપવામાં આવી હતી. દરેક સ્કૂલ અને કોલેજોમાં સ્વરક્ષણની તાલીમ ફરજીયાત હોવી જોઈએ. મોહનભાઈ પટેલ પોતે કેટલીક શાળાઓ અને સંસ્થાઓને પોતાની નિઃશુકલ્ક સેવા આપી રહયા છે. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા, ગર્લ્સ હોસ્ટેલના વોર્ડન ડૉ. કપિલ મનોજ કાર્યક્રમની પૂર્ણાહૂતિમાં હાજર રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી.









## Summer Training





Summer training in Basic Molecular Biology Techniques was conducted from 23rd May to 30th May 2015, at University campus in Biotechnology Department in association with Saffron Lifescience, Bilimora. Total 22 students including UG, PG, M. Phil., Ph. D. as well as teachers participated in Hand-on Training programme.



Experts from Saffron Lifescience, Mr. Alok Vaidya and Mr. Bhavesh Patel trained all the students regarding important and basic techniques of molecular biology. Training included bacterial and yeast genomic DNA isolation, Plasmid isolation, DNA quantification, Restriction digestion, Primer designing, PCR, Agarose Gel Electrophoresis, DNA extraction from agarose gel, Gene Cloning, Nucleotide Sequence Retrieval form GeneBank, Primer BLAST, Sequence scanner software and Data analysis and interpretation from the results of DNA sequencing. Overall organization and coordination of training was done by Dr. Gaurav Shah, Assistant Professor & Coordinator of M. Sc. Biotechnology Course, VNSGU, Surat.




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સમગ્ર ભારતની એવી એક યુનિવર્સિટીઓમાંથી છે. જે પ્રતિવર્ષ પોતાના ખેલાડી ભાઈઓ-બહેનો માટે સમર ફિટનેસ કેમ્પનું આયોજન કરે છે. જે એક ગર્વની બાબત છે. આ વર્ષે તા. ૨૬/૫/૧૫ થી તા. ૧૫/૬/૧૫ દરમ્યાન યોજાયેલા સમર ફિટનેસ કેમ્પની અંદર લગભગ ૧૨૦ જેટલા ખેલાડી ભાઈઓ-બહેનોએ કોચીંગનો લાભ લઈને પોતાની શકિતનો વિકાસ થાય એ દિશામાં આરંભ કર્યો છે. કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતાના પ્રમુખપદે યોજાયેલા પૂર્ણાહૂતિ સમારંભમાં બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન કિરીટસિંહ વાસદીયા ઉપસ્થિત રહયા હતા. મા. કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ જણાવ્યું કે રમત-ગમતમાં સિધ્ધિ હાસલ કરવાથી સમાજ જીવનમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થાય છે. એટલું જ નહી વ્યવસ્થા ક્ષેત્રે પણ સરકારી, પ્રાઈવેટ, કો-ઓપરેટીવ કે અન્ય તમામ ક્ષેત્રોમાં નોકરી અને વ્યવસાયની તક પણ ઉજળી બને છે. આવનાર વર્ષમાં તમને આ કેમ્પમાં મળેલી ટ્રેનીંગ ઉપયોગી થાય અને યુનિવર્સિટીનું નામ રાષ્ટ્રીય કક્ષાએ ઉજાળો તેવી શુભેચ્છા.




બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાસદીયાએ વિદ્યાર્થીઓની મહેનત બિરદાવી હતી. અને શુભેચ્છા પાઠવી હતી. સમર ફિટનેશ કોર્ચીંગ કેમ્પના ખેલાડી ભાઈઓ/બહેનો અને કોચશ્રી શ્રી ચેતન પટેલ, રાજુ ભાલાવાલા, શ્રી માનસિંહ રાઠોડ અને શ્રી કેતન પટેલનું કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન શ્રી કિરીટસિંહ વાસદીયાના હસ્તે સન્માન અને સર્ટીફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમર ફિટનેસ કોચિંગ કેમ્પની પૂર્ણાહૂર્તિનું સંચાલન ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું અને આભારવિધિ બાસ્કેટ બોલ કોચશ્રી રાજેશ ભાલાવાલાએ કરી હતી.

## Seminar






One Day State Level Seminar on "Law & Society in 21st Century" – was organised on 31st May, 2015 by Law Department in association with Ph.D. Students of Law.

Hon'ble Justice Shri B. J. Shethana (Former Judge - High Court) was the Chief Guest - who is well-known for boldness and speedy justice. Hon'ble Vice Chancellor Sir was the Chair Person of inaugural session. Advocate Shri Jivrajbhai Vasoya was another Guest - who has donated considerable amount for the proposed Law Bhavan. Registrar Sir and other office staff members were also present. In the Seminar, total 60 participants had registered their names and 40 Research Scholars had presented their papers. Most of the Faculty Members of all Law Colleges - affiliated to Veer Narmad South Gujarat University, Surat were present during the whole day.

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

વલસાડ સ્થિત શાહ એન.એચ.કોમર્સ કોલેજમાં વિવિધ ડેઝ સેલીબ્રેશન અંતર્ગત સ્પોર્ટસ ડે નું આયોજન તા. ૨૧/૨/૧૫ના રોજ કોલેજ કેમ્પસ ગ્રાઉન્ડ ઉપર કરવામાં આવ્યું હતું. ભાઈઓ માટે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર દોડ, ગોળાફેંક, કોથળા કુદ, ચેસ, કેરમ, સ્લો સાયકલ રેસ તેમજ બહેનો માટે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર દોડ, સંગીત ખુરશી, કોથળા કૂદ, લીંબુચમચી વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોર્ટસ ડે ની વિવિધ રમતોમાં સમગ્ર સ્ટાફે સેવા પૂરી પાડી હતી. સ્પર્ધાનું સમગ્ર સંચાલન શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા પ્રા. મુકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતું. એન.સી.સી. ના કેડેટ દ્વારા સ્વયંસેવક તરીકે સેવા બજાવવામાં આવી હતી. વિદ્યાર્થી સંઘ દ્વારા નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ અંતર્ગત ચેરીટી ડે ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિ. ડૉ.જે.એમ. નાયક, વાઈસ પ્રિન્સીપાલ પ્રા.ટી.જી. પટેલ તથા નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિના અધ્યક્ષ પ્રા. એમ.એ. મુલ્લાના માર્ગદર્શન હેઠળ ચેરીટી ડે નો હેતુ વિદ્યાર્થીઓને સમજાવ્યો હતો, જે થકી વિદ્યાર્થીઓની કુલ દશ ટીમોના સીત્તોતેર સભ્યોએ મોટા બજાર, રામવાડી, ખંડુજી ટેકરા, કોસંબા, બેચર રોડ, કેરી માર્કેટ, મોગરાવાડી, દીક્ષિત મહોલ્લો, છીપવાડ, શાકભાજી માર્કેટ, રેલ્વે યાર્ડ, તીથલ રોડ, ગર્વમેન્ટ કોલોની, પંચદેવ, સ્ટેશન રોડ, હાલર સિવિલ રોડ, અબ્રામા, ધરમપુર રોડ જેવા વિસ્તારોમાં ફરીને લોકોને ચેરીટી ડે ના હેતુથી અવગત કરાવ્યા હતા. જેના ભારે પ્રતિસાદ રૂપે કુલ રૂા. ૪૧,૫૪૧/- જેવી નોંધપાત્ર રકમ એકત્ર થઈ હતી. જે પૈકી 'જય હો' ગ્રુપ દ્વારા રૂા. ૧૦,૯૫૯ ની રકમ, 'એસ.વાય. રોકસ' દ્વારા રૂા. ૬,૪૦૦ તથા બેંક બેંચર્સ ગ્રુપ દ્વારા રૂા. ૫,૭૦૦ ની રકમ એકત્રિત કરી અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં જી.એસ. શ્રી અંકિત પટેલ તથા યુનિયનના સભ્યોનો સહકાર સાંપડયો હતો. હવે પછી ચેરીટી ડે માં એકત્રિત થયેલ ફાળાનો ઉપયોગ જરૂરિયાતમંદોની આકસ્મિક જરૂરિયાતના પ્રસંગોએ કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન પ્રા.કે.સી. પટેલ, પ્રા. એસ.ઝેડ. પટેલ તેમજ પ્રા. ડૉ.એમ.બી.ચૌહાણે કર્યું હતું. વિદ્યાર્થી સંઘના નેજા હેઠળ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શનથી તા. ૨૫/૨/૧૫ના રોજ લાયબ્રેરી ડે ની ઉજવણી કરવામાં આવી હતી. લાયબ્રેરી હોલમાં સાહિત્ય સંગમ, સુરત દ્વારા વિદ્યાર્થીઓ માટે વૈવિધ્ય સભર પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. પુસ્તક પ્રદર્શનની સાથે વિદ્યાર્થીઓને રાહતદરે પુસ્તકો ખરીદવાનું આહવાન આપવામાં આવ્યું હતું. જે અંતર્ગત દિવસ દરમ્યાન વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા પુસ્તકોની ખરીદી કરવામાં આવી હતી. પ્રિ. ડૉ.જે.એમ. નાયક અને લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા.કે.આર. ભાવસારે પુસ્તક પ્રદર્શનનો લાભ લેવા માટે ઉપસ્થિત સૌનો આભાર વ્યકત કર્યો હતો. લાયબ્રેરી સમિતિના ઉપક્રમે દર મહિનાના ચોથા શનિવારે નિયમિત રીતે આયોજીત "પુસ્તક પરિચય હારમાળા" કાર્યક્રમ અંતર્ગત તા. ૨૮/૨/૧૫ના રોજ તેત્રીસમા મણકાના પ્રસંગે નવીન અભિગમ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના વ્યાખ્યાતા પ્રા.ડૉ.દિપિકાબેન શાહ દ્વારા ઓડિયો-વિડિયો માધ્યમથી આચાર્યશ્રી રજનીશજીના પુસ્તક એનલાઈટમેન્ટ : ધી ઓન્લી રીવોલ્યુશનથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે પ્રિ.ડૉ.જે.એમ. નાયકે આ નૂતન પ્રયોગની પ્રાસંગિક ભૂમિકા રજુ કરતા પોતાના

ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં આ પ્રકારના પ્રસંગની માહિતી આપી હતી. સૌ પ્રથમ વખત આ નવીન અભિગમ આપનાવતા પ્રા.ડૉ. દિપિકાબેન શાહ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓડીયો-વિડિયો સી.ડી.નું એક કલાક સુધી શ્રોતાઓ દ્વારા શ્રવણ કરવામાં આવ્યું હતું. કોલેજના સ્ટુડન્ટ યુનિયનના ઉપક્રમે વિવિધ ડે ની ઉજવણી થઈ રહી છે તેમાં તા. ૨૬/૨/૧૫ ના દિવસે વિદ્યાર્થીઓ ભવિષ્યમાં ધંધામાં કુનેહ અને તેનું સંચાલન સરળતાથી અને ઓછા મૂડી રોકાણથી કેવી રીતે કરીને ફાયદો મેળવી શકાય તેવા ગુણો વિકસે તે માટે ફનફેર ડે ની ઉજવણીનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ છ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોલેજ સ્થળ ઉપર જ વાનગીઓ જાતે જ બનાવી વેચાણ કર્યુ હતું. આ કાર્યક્રમમાં એફ.વાય.બી.કોમ. થી એમ.કોમ. ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. ક્રીએટીવ ગ્રુપે રૂા. ૬૪૦/- ના રોકાણની સામે રૂા. ૧૯૨૦/- નું વેચાણ કરી રૂા. ૧૨૮૦/- નો નફો મેળવ્યો હતો. સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે તા. ૨૮/૨/૧૫ ના રોજ સંગીત સંધ્યાની ઉજવણી કરવામાં આવી હતી. સ્પર્ધાઓમાં કુ. ફાલ્ગુની પટેલ પ્રથમ ક્રમે કુ. મિશાલી પટેલ અને કુ. વિશ્વા કંસારા દ્વિતીય ક્રમે તથા કુ. દરક્ષા પઠાણ અને કુ. રાધિકા મોહડ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં શ્રીમતિ ખ્યાતિબેન ઉપાધ્યાય તથા શ્રી મુકેશ ખત્રીએ નિર્ણાયક તરીકે સેવા પૂરી પાડી નિષ્પક્ષ અને ન્યાયી નિર્ણય જાહેર કર્યો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી પ્રંસગે શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને ડૉ. બાબાસાહેબ આંબેડકરના સંઘર્ષમય જીવન અને તેમના વિચારો અને અપ્રતિમ કાર્યોથી પ્રા. ડૉ. મુકેશભાઈ ચૌહાણે અવગત કરાવ્યા હતાં. વિદ્યાર્થીઓએ પણ ડૉ.આંબેડકર વિશે વક્તવ્ય આપ્યા હતાં. આ પ્રસંગે પ્રા. કે.સી. પટેલે બાબાસાહેબની પ્રતિમાને હાર પહેરાવી પુષ્પાંજલિ અર્પી કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રા. કે.સી. પટેલે કર્યા હતાં.

(ઉ) કાળીદાસ હોસ્પિટલ ખાતે તા. ૭/૪/૧૫ થી તા. ૧૧/૪/૧૫ દરમ્યાન વિવિધ રોગો માટે હોમિયોપેથીક સારવાર કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું. તા. ૭/૪/૧૫ અને તા. ૮/૪/૧૫ નાં રોજ સ્ત્રીરોગની તકલીફોવાળા દર્દીઓ તા. ૯/૫/૧૫ અને તા. ૧૦/૪/૧૫ નાં રોજ સર્જરીને લગતી તકલીફોવાળા દર્દીઓ અને તા. ૧૧/૪/૧૫ ના રોજ શ્વાસોશ્વાસને લગતી તકલીફોવાળા દર્દીઓ માટે વિનામૂલ્યે હોમિયોપેથીક સારવાર કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું જેમાં હોમિયોપેથીક પદ્ધતિનાં નિષ્ણાંત ડોકટરોએ સેવા આપી હતી. આ દરેક કેમ્પોનો વ્યારા નગર તથા આજુબાજુનાં નજીકનાં ગામોમાંથી મોટી સંખ્યામાં દર્દીઓએ ભાગ લીધો હતો દરેક દર્દીઓને વ્યવસ્થીત તપાસી વિનામૂલ્યે હોમિયોપેથીક દવા આપી હતી. આ કેમ્પનું આયોજન પ્રિન્સીપાલ ડૉ. જયોતિરાવના માર્ગદર્શન હેઠળ ડૉ. મીનાબેન કાલરા તથા હોસ્પિટલ ઈન્ચાર્જ ડૉ. પિયુશ ગુજરાથી તથા કોલેજના કેમ્પસ એડમીનીસ્ટ્રેટર શ્રી દક્ષેશભાઈ શાહ, શ્રી શૈલેષભાઈ દેસાઈ વગેરેએ સફળતાપૂર્વક કર્યુ હતું.

(ઉ) C. N. Kothari Homoeopathic Medical College & Research Centre in Association with HMAI vyara unit celebrated. Dr. Samuel Halmemann's 260th birth anniversary. On this occasion a function was organized in which cake was cut after garlanding his photograph. During this function Dr. Pinakin Trivedi, CCH Member & Dean of Medical Faculty-North Gujarat University & Dr. G.D. Raval CCH Member & Dean of Homoeopathic Faculty- Veer Narmad South Gujarat University, Surat were present. At the end, all the Homoeopaths present read the Halmemanian Oath. As a major activity of this day two camp were organized, one at Kalidas Hospital, Tadkuva, Vyara & 2nd at central OPD of the college. The whole activity was organised by Dr. Meena Kalra, Dr. J.J. Jain & Dr.Bhavna Patel, under the guidance of Principal of the college Dr. Jyoti Rao.

## વિદાય

શાહ એન.એચ.કોમર્સ કોલેજ સુરતના એમ.કોમનાં વિદ્યાર્થીઓનું અભ્યાસનું છેલ્લું તથા કારકિર્દી માટે અગત્યનું વર્ષ હોઈ તેમને શુભેચ્છા આપવા માટે પ્રિ.ડૉ.જે.એમ. નાયકના અધ્યક્ષપદે વિદાય સમારોહ મલ્ટીમીડીયા હોલમાં યોજાયો હતો. આ પ્રસંગે બોલતા પ્રિ.ડૉ.જે.એમ. નાયકે વિદ્યાર્થીઓને કહયું હતું કે તમારી અત્યાર સુધીની જીંદગી મા બાપ ઉપર આધારિત હતી. હવે આપની ભૂમિકા બદલાતાં મા બાપ ઉપરાંત તમે પણ કારકિર્દી માટે ગંભીર થઈ તેનું સુઆયોજન કરશો. ઉપાચાર્યશ્રી પ્રા.ટી.જી. પટેલે વિદ્યાર્થીઓને કોલેજને જરૂરિયાત હોય ત્યારે આપવા અને કોલેજની જરૂરિયાત હોય તો નિઃસંકોચ લેવા જણાવ્યું હતું. ઉપરાંત પ્રા.એમ.એ. મુલ્લા, પ્રા.કે.એચ. પુરોહિત, પ્રા. બી.ટી. પટેલે વિદ્યાર્થીઓને પ્રાસંગોચિત શુભેચ્છા પાઠવી હતી. વિદ્યાર્થીઓએ પ્રતિભાવમાં કોલેજના ઋણને ધ્યાનમાં રાખી સર્વે પ્રતિ આભારની લાગણી વ્યકત કરી હતી. કાર્યક્રમ સંચાલન પ્રા.કે.સી. પટેલે કર્યુ હતું.

## એન.એસ.એસ

(અ) શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના એન.એસ.એસ.ના છવ્વીસ વિદ્યાર્થીઓએ પ્રોગ્રામ ઓફિસર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ તા. ૨૨ ફેબ્રુઆરીથી, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૫ દરમ્યાન ગુજરાત સરકારશ્રી દ્વારા ઉજવાયેલ પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત વલસાડ જીલ્લા પંચાયત આયોજીત કાર્યક્રમમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. તેઓએ વલસાડ શહેરના અલગ અલગ બુથ ઉપર રવિવારે આખો દિવસ દરમ્યાન બાળકોને પીવડાવવાની કામગીરી કરી હતી. ખૂબ જ ટુંકી નોટિસમાં આવા કાર્યક્રમમાં જોડાય પોતાની સામાજીક જવાબદારી અદા કરવા બદલ આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે, ઉપાચાર્યશ્રી ટી.જી. પટેલે, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરોએ તથા સ્ટાફ મિત્રોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## અભિવાદન

(અ) શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના ગુજરાતી વિભાગના અધ્યાપક પ્રા. ડૉ. મુકેશભાઈ ચૌહાણે પ્રાપ્ત કરેલ પીએચ.ડી. ની ઉપાધિ અંતર્ગત તા. ૨૮/૨/૧૫ ના રોજ તેમના અભિવાદન કાર્યક્રમનું આયોજન પ્રિ. ડૉ. જે. એમ. નાયકના અધ્યક્ષપદે કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયકે ઉપસ્થિત સૌને શબ્દસુમનથી આવકારીને પ્રા. ડૉ. મુકેશ ચૌહાણે પ્રાપ્ત કરેલ ઉચ્ચત્તમ ડિગ્રી બદલ ગર્વની લાગણી અનુભવતા તેમને અભિનંદન પાઠવ્યા બાદ તેમનું પ્રશસ્તિપત્ર એનાયત કરીને તથા સ્મૃતિભેટ આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. પ્રા.ડૉ. મુકેશભાઈ ચૌહાણે તેમના અભિવાદન અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે આ કોલેજમાં આચાર્યશ્રી ડૉ. જે.એમ. નાયક દ્વારા મને સેમીનાર કે કોન્ફરન્સમાં ભાગ લેવા માટે તથા રિસર્ચ કરવા માટે સતત પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવ્યું છે. પ્રા.કે.આર. ભાવસારે સમગ્ર સભાનું સંચાલન કર્યું હતું તથા આભારવિધિ આટોપી હતી.

## ફેર

વિદ્યાદીપ સંકુલ અણીતા (કીમ) ની વિદ્યાદીપ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સનાં વિદ્યાર્થીઓ તથા ઈજનેરી વિદ્યાર્થીઓએ સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે અવનવા સિધ્ધાંતોનો ઉપયોગ કરીને વર્કીંગ પ્રોજેકટના રજૂ કર્યા હતા. જેને ઓલપાડ તાલુકાની જનતાએ હજારોની સંખ્યામાં હાજર રહીને બીરદાવ્યા હતા. ફેરનું ઉદ્‌ઘાટન લેખક તથા અચલા મેગેઝીનના તંત્રી શ્રીયુત ડૉ. મફતલાલ પટેલના વરદ હસ્તે થયું હતું. પ્રાંસગિક ઉદ્‌બોધનમાં સાચા શિક્ષણની દિશાઓને સમજાવતાં ભારપૂર્વક સંદશે આપ્યો હતો કે સાંપ્રત સમયમાં વાસ્તવિક માનવ ઘડવાનું કામ શૈક્ષણિક સંસ્થાઓએ નિભાવવાનું છે તેમની સાથે સમાજના પ્રતિષ્ઠિત મહાનુભાવોએ સમગ્ર પ્રસંગને દિપાવ્યો હતો. "લક્ષ્મી વંદના" રોગ નિદાન અને ટ્રીટમેન્ટ કેમ્પ, રકતદાન કેમ્પ તથા "માનવતાની મહેક" ના શિર્ષક હેઠળ તેત્રીસ જેટલા વિવિધ ક્ષેત્રોમાં ખૂબ જ વિશિષ્ઠ સેવા આપી સેવા સંસ્કૃતિને ઉજાગર કરી છે.

## સ્પર્ધા

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં નશાબંધી જાગૃતિ અભિયાન અંતર્ગત તા. ૨૩/૧/૧૫ ના રોજ પ્રા. ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ સ્લોગન અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન થયું હતું. વિષય અનુસંધાનમાં યોજાયેલ સ્લોગન સ્પર્ધામાં કુ.હૈમલતા ચૌધરી પ્રથમ ક્રમે તથા કુ. સુરૈયાબાનુ ફતીવાલા તથા કુ. પાટિલ પુનમ દ્વિતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા જ્યારે પોસ્ટરમેકિંગ સ્પર્ધામાં શ્રી આશિષ ગિરજાલી પ્રથમ ક્રમે, કુ.ધ્રવી ખાંડવાલા તથા કુ. મૈત્રી શાહ દ્વિતીય ક્રમે અને કુ. અશ્વીના પટેલ તથા શ્રી પાર્થ લાડ તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધામાં કુલ ૩૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નિર્ણાયકો તરીકે રોણવેલ સ્કૂલના શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન પટેલે સેવા પૂરી પાડી હતી.

શ્રી બી.કે.એમ. સાયન્સ કોલેજ દ્વારા આયોજીત ગેલેક્ષી ૨૦૧૫ અંતર્ગત યોજાયેલ આંતરકોલેજ શીઘ્રવકતૃત્વ, સ્પર્ધામાં યુનિવર્સિટીની વિવિધ કોલેજના કુલ અઢાર સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડની કુ. મયૂરી મિસ્ત્રીએ ઉત્તમ દેખાવ કરતાં દ્વિતીયક્રમ પ્રાપ્ત કર્યો હતો.

## અધ્યાપક : ફોરમ

નારણ લાલા કોલેજમાં દક્ષિણ ગુજરાતના અર્થશાસ્ત્રના અધ્યાપકોની ફોરમ યોજાઈ હતી. આ ફોરમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસના વડા ડૉ. કિરણ પંડયા કન્વીનર તરીકે હાજર રહયા હતા. આ ઉપરાંત સંસ્થાના ચેરમેન શ્રી મહેશભાઈ કંસારા, ડાયરેકટરશ્રી ડૉ. દિનુભાઈ નાયક, કુલસચિવ ડૉ. જે.આર. મહેતા, યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્યશ્રીઓ ડૉ. વિક્રમભાઈ દેસાઈ, શ્રી સંજયભાઈ દેસાઈ, ડૉ. અપૂર્વભાઈ દેસાઈ તથા ડૉ. વિનોદભાઈ પટેલ, દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજના અર્થશાસ્ત્રના અધ્યાપકો વગેરે ઉપસ્થિત રહયા હતાં. આ ફોરમના સ્વાગત પ્રવચનમાં શ્રી ડૉ. દિનુભાઈ નાયકે વર્તમાન આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે અર્થશાસ્ત્રના અધ્યાપકોની ભૂમિકા પરત્વે ધ્યાન દોર્યું હતું. તેમજ ડૉ. કિરણ પંડયાએ અર્થશાસ્ત્ર વિષયના અધ્યયન અને અધ્યાપનને લગતા પડકારો પ્રત્યે દિશાનિર્દેશ કર્યો હતો. ડૉ. વિક્રમભાઈ દેસાઈ, શ્રી સંજયભાઈ દેસાઈ, ડૉ. અપૂર્વભાઈ દેસાઈ તથા ડૉ. વિનોદભાઈ પટેલએ પ્રતિભાવો વ્યકત કર્યા હતા. આ ફોરમમાં એમ.ફિલ અને પીએચ. ડી.ની ઉપાધિ મેળવવા બદલ અને યુ.જી.સી. નેટ/સ્લેટ પરીક્ષા ઉત્તીર્ણ કરવા બદલ અર્થશાસ્ત્રના અધ્યાપકોને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ટેકનિકલ સેશનમાં તજજ્ઞો તરીકે યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસના અધ્યાપકો ડૉ. મધુસૂદન રાજ અને ડૉ. સ્મૃતિ બલસારીએ રિસર્ચ પેપર અને રિસર્ચ પ્રપોઝલ કઈ રીતે લખવાં તેમજ યુ.જી.સી. અને ICSR જેવી સંસ્થા પાસેથી માયનોર/મેજર રિસર્ચ પ્રોજેકટો કઈ રીતે મેળવવા વગેરે બાબતોએ અધ્યાપકોને ખૂબ ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન સંસ્થાના અધ્યાપિકા મુકિત શાહે કર્યું હતું.

## સંશોધન પત્ર

દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીનાં કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પરીષદ ICRTESM-2015માં નારણ લાલા કોલેજના M.Sc.ના ચાર વિદ્યાર્થીઓ ક્રિષ્ના ભાવસાર, મૈત્રી શાહ, નીલોફર મોટરવાલા તથા રવિન રાવલએ 'Anti-fungal Compounds' વિષય ઉપર પોતાના સંશોધન પત્રો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓના આ સંશોધન પત્રો માટે ડૉ. નફીસા પટેલ, ડૉ. નરેશ બુટાણી અને કુ. રશ્મીતા પટેલે માર્ગદર્શન પૂરું પાડયું હતું.




VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com